ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત

# ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ

TRIMURTI HOSPITALS
THE ART OF MEDICAL CARE
Cure with Care

ગુજરાતી માસિકપત્ર

વર્ષ : ૪ અંક : ૨ સપ્ટેમ્બર - ૨૦૧૫



ડૉ. ડી. પી. ચિખલીયા

## આત્મવિશ્વાસ

તંત્રી સ્થાનેથી....

એક વેપારીને માથે ખુબ દેવું ચડી ગયું અને તે અતિ નિરાશ થઇ ગયો. તેને નાણાં ધીરનારાઓએ તેના નામે ચોકડી મુકી દીધી. લેણદારોએ તેની પાસે નીકળતાં નાણાંની વસુલી સતત કરવાનું શરૂ કરી દીધું. તે ભીડભાડથી દુર એક બાગનાં બાંકડે જઇ બેઠો અને વિચારવા લાગ્યો તેની કંપનીને દુવાળું ફુંકવામાંથી કઇ રીતે બચાવી શકાય.

અચાનક કયાંકથી એક વુધ્ધ માણસ તેની સામે આવી ઉભો. તેણે કહ્યું 'મને લાગે છે તને કોઇ સમસ્યા ભારે પીડી રહી છે.' વેપારીની મુશ્કેલી અંગે શાંતિથી આખી વાત સાભળ્યા બાદ તેણે તેને કહ્યું 'મને લાગે છે હું તને મદદ કરી શકું તેમ છું.' તેણે વેપારીને તેનું નામ પુછયું, તેના નામે એક ચેક લખ્યો અને એ તેના તરફ ધરી કહ્યું 'આ પૈસા લે'. આજથી બરાબર એક વર્ષ પછી અહિં આજ જગ્યાએ મને મળજે અને આ રકમ પરત કરજે. પછી એ ચેક આપી જેમ અચાનક આવી ચડયો હતો એજ રીતે અચાનક ગાયબ પણ થઇ ગયો.

વેપારીએ પોતાના હાથમાં રહેલા ચેકને જોયો. તે અમેરીકી પાંચ લાખની રકમ માટે જોન ડી. રોકફેલર દ્વારા હસ્તાક્ષર કરાયેલ ચેક હતો. જોન ડી. રોકફેલરની ગણના જે જમાનાની સૌથી વધુ ધનાઢ્ય વ્યકિત તરીકે થતી હતી.

''હવે મારી નાણાં વિષયક સઘળી ચિંતાઓનો અંત આવી ગયો હતો. હું ચોક્કસ મારી મુસીબતોમાંથી જલ્દી જ બહાર આવી જઇ શકીશ.'' એમ તેણે વિચાર્યુ. પણ તે પહેલા એ ચેક સુરક્ષિત જગાએ મુકી છેવટના સમયે જરૂર પડે તો તેને વાપરવાનો નિર્ણય લીધો. એ ચેકની હાજરી જ તેને શકિત આપવા પુરતી હતી. એ ચેકને કારણે તેનામાં જબરો આત્મવિશ્વાસ પેદા થયો, જેના લીધે તેણે દિલોજાનથી રાતદિવસ સખત મહેનત કરી ફરી પોતાના વેપારમાં તેજી હાંસલ કરવા માંડી. તેનામાં પ્રગટેલા નવા જોમ અને આશાવાદના કારણે તેણે વધુ સોદાઓ પાર પાડયાં. કરજદારોએ ફરી તેને નાણાકીય મદદ પુરી પાડવા માંડી અને વધુ નવા ગ્રાહકો મેળવી તેણે પોતાના વેપારને નવી ઉંચાઇએ પહોંચાડયો.




થોડાં મહીનાઓમાં તો તે સંપૂર્ણ દેવામુકત થઇ ખુબ સારા એવા રૂપિયા કમાવા માંડયો.

બરાબર એક વર્ષ પછી તે પેલો વણ વટાવેલો ચેક લઇ એ જ બાગમાં જઇ પહોંચ્યો જયાં ત્યાં પેલો વૃધ્ધ તેને મળ્યો હતો. તેણે ખુબ રાહ જોય પણ પેલા વૃધ્ધના કોઇ અણસાર નહોતા. તેણે થોડીવાર વધુવાર રાહ જોવા પ્રયત્ન કર્યો. ત્યાં તો એ વૃધ્ધે દેખા દીધી. પણ તેણે તો વેપારીને જાણે ઓળખ્યો જ નહીં. તેણે વૃધ્ધને રોકયો અને પેલો ચેક એ તેને પાછો આપવા જતો હતો એવી આશા સાથે કે પોતે તેનો હ્રદયપૂર્વક આભાર માનશે અને તેને પોતાની સફળતાની આખી ગાથા કહી સંભળાવશે. પણ ત્યાંતો થોડી જ ક્ષણોમાં એક નર્સ આવી ચડી.

તેણે વૃધ્ધને કોલરથી પકડી લીધો અને બોલી, 'હાશ ! હવે ભાગીને કયાં જઇશ ?'

તેણે વેપારીને કહ્યું 'આણે તમને હેરાન તો નથી કર્યાને ? એ ઘડી ઘડી વૃધ્ધાશ્રમમાંથી ભાગી જાય છે અને લોકોને કહેતો ફરે છે કે પોતે જોન ડી. રોકફેલર છે ! તે પોતાનું માનસિક સંતુલન ગુમાવી બેઠો છે.'

અને પછી એ વૃધ્ધને હાથેથી પકડી ચાલી ગઇ.

વેપારી તો સાવ આભો જ બની આ ઘટના જોઇ રહ્યો. આખુ વર્ષ એક પાગલ ડોસાએ આપેલ ચબરખીને તે પાંચ લાખ અમેરીકી ડોલર સમજી ભાગતો રહ્યો, મહેનત કરતો રહ્યો, ખરીદ-વેચાણના સોદા પાર પાડતો રહ્યો.

અચાનક તેને અહેસાસ થયો કે તેની સફળતા માટે પૈસા જવાબદાર નહોતા, સાચા કે આભાસી. જેને તેનું આખું જીવન બદલી નાખ્યું એ પરીબળ પૈસો નહોતું પણ એ પાછળ જવાબદાર હતો તેનામાં પુનઃપ્રતિપાદિત થયેલો તેનો આત્મવિશ્વાસ. આ આત્મવિશ્વાસે તેનામાં નવી શકિતનો સંચાર કર્યો હતો જેના લધી તે જે પણ કાર્ય પાછળ પડયો તેમાં તેને સફળતા હાંસલ થઇ હતી.

એ સમજી ગયો કે આત્મવિશ્વાસ એ હકારાત્મકતા પૂર્વક અપનાવેલી એવી દ્રષ્ટિ છે જે પછી માર્ગમાં આવતા ગમે તેવા તૂફાનો સામે લડી લેવાની તાકાત આપે છે. એ સમર્પિતતા અને ધગશથી પ્રાપ્ત થાય છે અને પુર્ણપણે આંતરીક છે અર્થાત્ તે તમે પોતે જ પોતાનામાં જગાવી શકો છો.

તમારી જાતમાં શ્રધ્ધા રાખો,

TRIMURTI HOSPITALS
THE ART OF MEDICAL CARE

ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત

**ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ**

ગુજરાતી માસિકપત્ર

વર્ષ : ૪ અંક : ૨ સપ્ટેમ્બર-૨૦૧૫

**મુદ્રક • માલિક • પ્રકાશક**
ડૉ. ડી. પી. ચિખલીયા
મો.૯૮૨૫૨ ૩૧૭૩૧

**તંત્રી**
ડૉ. ડી. પી. ચિખલીયા

**સહતંત્રી**
ડૉ. પરાગ પટેલ ડૉ. શૈલેશ જાદવ
ડૉ. રૂપલ પટેલ ડૉ. નવીન કર્ણ
ડૉ. એમ. ડી.સાંગાણી
ડૉ. બ્રિજેશ જસાણી

**સંપાદક મંડળ**
અમૃત પોંકીયા ડૉ.નિલેશ ચિખલીયા
ડૉ. અદિતિ દવે ઉમેદ ગામી

**પ્રિન્ટર**
પાયોનિયર ઓફસેટ-જુનાગઢ
મો.૯૮૯૮૦ ૮૪૬૦૮

**'ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ' માસિક પત્ર દ્વારા અમારો ઉદેશ લોકોને રોગ તથા તેની સારવાર વિષે જાણકારી આપવાનો તથા સારવાર લેતી વખતે યોગ્ય નિર્ણય લેવા માટે મદદરૂપ થવાનો છે. અને લોકોને હેલ્થ વિષે જાગૃત કરવા માટે ઉપયોગી થવાનો છે.**

**સરનામું**
**ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ કાર્યાલય**
ત્રિમૂર્તિ હોસ્પિટલ
નવા બસ સ્ટેન્ડ પાસે, જુનાગઢ
ફોન : ૦૨૮૫-૨૬૩૧૭૩૧,
મો.૯૮૨૫૨ ૩૧૭૩૧
www.trimurtihospitals.in,
E-mail : trimurtihospitals@gmail.com

# એકોસ્ટીક ઇન્જરી



ડૉ. પરાગ પટેલ

એકોસ્ટીક એટલે કે જલદ કેમીકલ કે જે બે પ્રકારના હોય છે.

(૧) એસીડ
(૨) આલ્કલી

ઘણીવાર આકસ્મીક કે આત્મહત્યા માટે આ એકોસ્ટીક કેમીકલ દર્દીઓ ગળી જતા હોય છે. જેને લીધે દર્દીને સામાન્યથી અતિગંભીર પ્રકારના પરીણામો ભોગવવા પડે છે.

આપણે એસીડ પીવાથી થતી અસરો અને સારવાર વિશે થોડી ચર્ચા કરીએ.

- એસીડની સાંદ્રતા પ્રમાણે અન્નનળી હોજરી અને અંદરના અવયવો પર અસર થાય છે.
- જો ૩.૮% એસીડ ૧૦ સેકન્ડ માટે હોયતો અંદરની ચામડીને નુકશાન કરે છે.
- પરંતુ ૨૨.૫% એસીડ ૧૦ સેકન્ડ માટે હોયતો પુરી દિવાલને ઓગાળી નાખે છે.
- ઘરગથ્થુ ટાઇલ્સ કલીનરમાં ૯૦% એસીડ હોય છે. જે ૧૦ સેકન્ડ સુધી કોન્ટેકમાં રહેતો બધા અંગને પુરેપુરા બાળી નાખે છે.
- અન્નનળીમાં ઉપરના ભાગમાં ગતિશીલતા વધારે હોવાથી ત્યાં નુકશાન ઓછું થાય છે.
- અન્નનળીના નીચેના ભાગમાં એસીડને કલીયર થતા વધારે વાર લાગે છે જેથી ત્યાં ડેમેઝ થવાની શકયતાઓ વધારે રહે છે.
- એસીડ કેટલા પ્રમાણમાં અંદર લેવાય ગયેલ છે. તેના પ્રમાણમાં તેની અસર થાય છે.
- એકદમ સાંદ્રતાવાળો એસીડ જો વધુ પ્રમાણમાં લેવાય જાયતો અન્નનળી, હોજરી અને કયારેક નાના આંતરડા સુધી ગંભીર ઇજાઓ કરે છે. જેમાં આ બધા અંગોની દિવાલ ઓગળી જાય છે. અને આખી અન્નનળી હોજરી અને કયારેક નાના આંતરડાનો અસરગ્રસ્ત ભાગ કાળો પડી જાય છે અને સંપૂણપણે નાશ પામે છે.
- આવા કિસ્સાઓમાં દર્દી ઘણીવાર હોસ્પિટલમાં સારવાર લે તે પહેલાજ મૃત્યુ પામે છે. અને કયારેક થોડા કલાકોમાં હોસ્પિટલમાં મૃત્યુ પામે છે.
- કયારેક દર્દીએ મધ્યમથી ઓછી સાંદ્રતાવાળા એસીડનું થોડા પ્રમાણમાં જો સેવન કર્યુ હોય તો સારવાર કરવાની તક મળે છે અને દર્દીનો જીવ બચાવી શકાય



એસીડ પીવાથી થયેલ હોજરીની ઇજા

છે.

- આ પ્રકારના દર્દીને શરૂઆતમાં મોઢેથી કોઇજ પ્રકારનાં પ્રવાહી કે ખોરાક ન આપી અને નસમાંથી ગ્લુકોઝ, ક્ષાર તત્વો, પ્રોટીન્સ વગેરે આપી સપોટીવ સારવાર કરાય છે.
- આ દરમિયાન દર્દીને શ્વસનતંત્રના ચેપ કે અન્નનળી કે હોજરીના થતા હોય છે જેને ઓન્ટીબાયોટીકસથી મટાડવા પડે છે.
- નવા પ્રોટોકોલ્સ પ્રમાણે દર્દીને શરૂઆતમાં જ દુરબીનથી જોઇ (UGI ENDO) અને કેટલી ઇજા થયેલી છે તેનો તાગ મેળવી શકાય છે.
- જો સામાન્ય ઇજા હોય તો બે કે ત્રણ દિવસમાં મોઢેથી પ્રવાહી અને પછી ઘન ખોરાક ચાલુ કરી શકાય છે.
- જો થોડી ગંભીર ઇજા જણાય તો તેમાં ૧૫ કે ૨૦ દિવસ પછી અન્નનળી સાંકળી થવાનાં સંજોગો ઉભા થાય છે. આ પરિસ્થિતિમાં દર્દીને SEMS કે Ryle's Tubes મુકી શકાય છે.
- કયારેક અન્નનળીને પહોળી Dilatation કરવાની જરૂર પડે છે.
- આ બધી જ સારવાર કર્યા પછી દર્દી જીવી

**એસીડ / આલ્કલી ગળી ગયા પછી**

↓

**એન્ડોસ્કોપી (પહેલા ૧૨ કલાકમાં)**

- **૧ ઇન્જરી**
  - ↓ **૨૪-૪૮ કલાક સુધી ડૉક્ટરના ઓબ્ઝર્વેશનમાં**
- **૨,૩ ઇન્જરી**
  - ↓ **ઓપરેશન**
    - અન્નનળી અને હોજરી સારી પરીસ્થિતિમાં હોય → • અન્નનળીમાં સ્ટેન્ટ • હોજરીમાંથી બાયોપ્સી • જેજુનોસ્ટોમી (નાના આંતરડામાં ખોરાકની નળી મુકવી) •
    - અન્નનળી અને હોજરીની પરીસ્થિતિ વચ્ચેની હોય → ૩૬ કલાક પછી ફરીથી સર્જરી
    - અન્નનળી અને હોજરી પુરેપુરા બળી ગયેલ હોય → • અન્નનળી અને હોજરી કાઢી નાખવાની • ગળામાં અન્નનળી ખોલવી • જેજુનોસ્ટોમી •




જાય તો તેને તેના કારણોસર થયેલા કોમ્પ્લીકેશનન્સ પ્રમાણે સારવાર કરવામાં આવે છે.

● અન્નનળી સાંકળી થયેલ હોય તો એન્ડોસ્કોપીથી પહોળી કરવામાં આવે છે. (Dilatition)

● અન્નનળી સાંકળી થયેલ હોય અને હોજરી પણ સાંકળી થયેલ હોય તો એન્ડોસ્કોપીથી અન્નનળીને પહોળી કરવાની તથા હોજરીમાં બાયપાસ કરવાનું હોય છે.

● અન્નનળી સાંકળી થયેલ હોય અને હોજરી સાજી હોય / ન હોય, પરંતુ અન્નનળી એન્ડોસ્કોપીથી પહોળી ન થાય તો

- હોજરીમાંથી અન્નનળી બનાવવાની.
- મોટા આંતરડામાંથી અન્નનળી બનાવવી.

# શ્રધ્ધા સુમન અર્પણ...

જૂનાગઢના જાણીતા ધારાશાસ્ત્રી અને મૃદુ હૃદયના કવિશ્રી પ્રફુલભાઇ નાણાવટીનું હમણા જ દેહાવસાન થયું. શ્રી પ્રફુલભાઇ નાણાવટી વકીલ કરતાંય આજના જમાનામાં શોધ્યાય નથી મળતાં એવા એક ‘માનવ’ હતાં. તેમના સંસ્મરણો કાયમ યાદ રહેશે.

જૂનાગઢના બાળરોગ નિષ્ણાંત ડૉ.અરૂણભાઇ કોઠારી દ્વારા તેમને શ્રધ્ધા સુમન સ્વરૂપે એક ‘કાવ્યાંજલી’ અર્પી છે. – ડૉ. ડી. પી. ચિખલીયા

બની ગયો છે અહીં ફન્દાનો માણસ, ને મળી જાય છે અહીં ધંધાનો માણસ
‘પ્રફુલ્લ’ રૂપે ભુલો પડેલ અહીં, મળી ગયો છે આ બંદાનો માણસ...
‘વકિલ’ અને ‘ડૉક્ટર્સ’ બે ધંધા એવા, લક્ષ્મી ભળે તો કોલસામા હાથ કાળા
ધંધામાં લાગણીની કવિતા ઘોળીને, સફેદ ચાદર ઓઢી પોઢી ગયો આ માણસ...
અસીલોની દુન્યવી વકીલાત મા, અટવાયેલો, થાકેલો, હારેલો, જ્યારે
દિલની દલીલો ધારદાર, ચોટદાર પ્રભુની કોર્ટમાં કરી ગયો આ માણસ...
હાડ-માસ ચામડાના હૃદયને સાંધીને, હરખાવ મા પોરસાવ મા તમે બધા ડૉક્ટરો
મૃદુ રૂજુ કવિ હૃદય સાંધો તો જાણું, ખુલ્લી ચેલેંજ ફેંકી ગયો આ માણસ...

**– ડૉ. અરૂણ કોઠારી**

# તસ્વીર અહેવાલ....



ગુજરાત રાજયના ડી.જી.પી પ્રવિણ સિન્હા સાહેબ ડૉ. ડી. પી. ચિખલીયા સાહેબની મુલાકાતે



ત્રિમૂર્તિ નર્સિંગ હોસ્ટેલમાં સત્યનારાયણની કથામાં ડૉ.ભરત કોયાણી તથા ડૉ.ડી.પી. ચિખલીયા



ત્રિમૂર્તિ હોસ્પિટલની મુલાકાતે આવેલ વિદ્યાર્થીઓને મેડીકલ સર્વિસ વિશે માર્ગદર્શન આપતા આદિત્ય મહેતા







**રક્ષાબંધનની પુર્વ સંધ્યાએ ભાવનાબેન ચિખલીયા ફાઉન્ડેશન, મહાત્મા ગાંધી સ્કુલ ઓફ નર્સિંગ અને ત્રિમૂર્તિ હોસ્પિટલના સંયુકત ઉપક્રમે રક્ષાબંધનનો કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં મહાત્મા ગાંધી સ્કુલ ઓફ નર્સિંગની વિદ્યાર્થીનીઓ તથા ત્રિમૂર્તિ હોસ્પિટલના તબીબો તથા સ્ટાફગણ અને ભાવનાબેન ચિખલીયાના મહિલા કાર્યકરોએ ભાગ લીધો હતો. આ તકે દર્દીઓને રાખડી બાંધી દર્દીઓના સ્વાસ્થ્ય અંગેની શુભકામનાઓ વ્યકત કરવામાં આવી હતી. ડૉ. ડી. પી. ચિખલીયા સાહેબ અને ત્રિમૂર્તિ હોસ્પિટલના તમામ તબીબો અમૃતભાઇ પોંકીયા તથા રમીલાબેન કથીરીયા અને નર્સિંગ સ્કુલનો સ્ટાફગણ ઉપસ્થિત રહ્યો હતો.**


ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત **ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ**

**If Undelivered, Please Return to,**
Trimurti Hospitals, Near New Bus Station, Junagadh
Ph : (0285) 2631731, M. 98252 31731
www.trimurtihospitals.in, E-mail : trimurtihospitals@gmail.com

Book-Post

To, ______________________

Postal Reg. No. G-JND/313, Valid Upto Dt.31.12.2015
RNI Regi.No. : GUJGUJ/2012/46125



જુનાગઢમાં સૌ પ્રથમ (ANM) નર્સિંગ સ્કુલ

**મહાત્મા ગાંધી સ્કુલ ઓફ નર્સિંગ**



**ઓકઝીલરી નર્સ મીડવાઇફ (ANM)**

(ગુજરાત નર્સિંગ કાઉન્સીલ-અમદાવાદ તથા ઇન્ડીયન નર્સિંગ કાઉન્સીલ-દિલ્હી માન્ય)

ત્રિમૂર્તિ હોસ્પિટલ્સ બિલ્ડીંગ
એસ.ટી. રોડ, જૂનાગઢ-૩૬૨૦૦૧, મો.૯૮૨૫૫ ૨૯૩૪૫
મો.૯૯૭૪૬ ૫૪૦૧૭